# 1 ભાવનગર રાજ્ય ની ઐતિહાસિક પૃષ્ઠભૂમિ

## પ્રસ્તાવના

સૌરાષ્ટ્રનાં નાનાં મોટાં રજવાડાં પૈકીનું એક એવું ભાવનગર રાજય ઘણીબધી બાબતોમાં વિશેષ મહત્વ ધરાવતું રાજય છે. આ ભાવનગર રાજ્યનો ઇતિહાસ ગોહિલ શાસકો સંદર્ભે લખાયેલો છે .ભાવનગર રાજ્ય ગોહિલોની રાજધાની બન્યુ એ પહેલાં તે વડવા ગામ હતુ અને આગળ જતાં ગોહિલોની રાજધાની શિહોર ખાતે સ્થપાઈ હતી. રાજા રતનસિંહજી (બીજા) ના સમય થી ગોહિલ વંશનો ઇતિહાસ ક્રમબદ્ધ મળી આવે છે .તેમના પછી ગોહિલ વંશમાં ભાવસિંહજી, વખતસિંહજી, જસવંતસિંહજી, તખ્તસિંહજી, ભાવસિંહજી (બીજા) અને છેલ્લે કૃષ્ણકુમારસિંહજીએ ભાવનગર રાજ્ય ઉપર શાસન કર્યું .સવંત [1779] નાં વૈશાખ સુદ ત્રીજના દિવસે ભાવનગર રાજ્યની સ્થાપના થઇ[ ઇ.સ 1723] અને ભાવસિંહજી ( પહેલા) ના નામ ઉપરથી નવી રાજધાનીનું નામ ભાવનગર પાડવામાં આવ્યું . રાજધાની શિહોરથી ભાવનગર ખસેડવા પાછળ પણ અનેક કારણો જવાબદાર હતાં પરંતુ તેમાં ભાવસિંહજી (પહેલા) ના સમયમાં થયેલ મરાઠા આક્રમણ જવાબદાર હતું. પરંતુ ભાવનગર ગોહિલોની રાજધાની બન્યા બાદ તેણે ઉત્તરોત્તર પ્રગતી કરી હતી .ભાવનગર રાજ્ય ભારતનાં 562 દેશી રજવાડાઓમાં પ્રથમ એવું રાજ્ય હતું કે જેના રાજવી કૃષ્ણકુમારસિંહજીએ સૌપ્રથમ પોતાનું રાજ્ય ભારત દેશના વિલિનીકરણમાં સોંપ્યુ. ત્યારબાદ ભાવનગરમાં ગિજુભાઇ બધેકા, નાના ભાઇ ભટ્ટ, બળવંતરાય મહેતા જેવા ખ્યાતનામ વ્યક્તિઓને પ્રતાપે ભાવનગર રાજ્યે ઉત્તરોત્તર પ્રગતી કરી છે.

ભાવનગર રાજ્યએ સ્વાતંત્ર્ય પ્રાપ્તિપૂર્વનાં સ્થાનિક (દેશી) રજવાડાંઓમાં વિશિષ્ઠ સ્થાન અને ગુજરાતનાં કાઠિયાવાડ વિસ્તારમાં આવેલું સન્માન ધરાવતું રજવાડું હતું. સૂર્યવંશી ગોહિલવંશના રાજાઓ આ રજવાડા પર શાસન કરતા હતા. તેમનું મૂળ વતન મારવાડ હતું. સૂર્યવંશી ગોહિલ રાજપૂતોને મારવાડમાં(હાલ નું રાજસ્થાન) તીવ્ર સ્પર્ધાનો સામનો કરવો પડતો હતો. એ કારણે મારવાડ છોડીને ગુજરાત બાજુ આવ્યા. ગુજરાતમાં એમણે સૌ પ્રથમ રાજધાની [ઇ.સ. 1194] સેજકપુર ને બનાવ્યું. ત્યાંથી આગળ વધીને [ઇ.સ.1254] રાણપુરમાં રાજધાની બદલી. ત્યારબાદ [ઇ.સ. 1309] આ રાજધાની રાણપુરથી ખસેડી ઉમરાળામાં અને તે પછી [ઇ.સ. 1570] શિહોરમાં સ્થાપી. તેમણે કંથાજી કડાણી અને પીપળાજી ગાયકવાડની સરદારી નીચે ગોહિલોની તે

સમયની રાજધાની પર આક્રમણ [1722-1723] કર્યું. જેમાં તેમને હારનો સામનો કરવો પડ્યો આ હારનું કારણ શિહોરનું ભૌગોલિક સ્થાન હોવાનું માનીને [1723માં] શિહોરથી 30 કિલોમીટર દૂર વડવા ગામ પાસે દરિયાકિનારે [સંવત ૧૭૭૯ની વૈશાખ સુદ ૩- અખાત્રીજના રોજ] મહારાજા ભાવસિંહજી ગોહિલે નવી રાજધાની વસાવી અને એને ભાવનગર તરીકે ઓળખાવ્યું. જે આગળ જતાં [1807થી] બ્રીટીશ સંરક્ષણ હેઠળનું રાજ્ય બન્યું.

દરિયાઇ વ્યાપારની સાનુકૂળતા અને વ્યૂહાત્મક અગત્યતાને ધ્યાનમાં રાખીને આ સ્થળ પસંદ કરવામાં આવ્યુ હતું. જૂના ભાવનગરની નગરરચના સૌરાષ્ટ્રના બીજા અગત્યના શહેરો તરફ ખૂલતા દરવાજાવાળા કિલ્લા ધરાવતી હતી. બે દાયકા સુધી એ આફ્રિકા, ઝાંઝીબાર, મોઝામ્બિક, સિંગાપુર અને આરબ દેશો સાથે વ્યાપારી સંબંધ ધરાવતું અગત્યનું બંદર બની રહ્યુ.

ભાવનગર રાજ્યનો વિસ્તાર કરવામાં વખતસિંહજીનું યોગદાન મોટું છે. આપત્તિના સમયમાં ભાવનગરના રાજવીઓએ પ્રજાને હંમેશાં ઉદાર હાથે મદદ કરી છે. ભાવનગરના રાજવીઓ તથા તેમના દીવાનો જેવાકે ગગા ઓઝા,શામળદાસ અને પ્રભાશંકર પટ્ટણી ખૂબ જ પ્રજાવત્સલ હતા.

ભાવનગર નો મહેલ નિલમબાગ ખાતે આવેલ છે. દેશી રાજ્યોના વિલિનીકરણ સમયે સરદાર વલ્લભભાઈ પટેલ સાથે સૌ પ્રથમ સહમત થનાર અને પોતાનું રાજ્ય ધરનારા ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહજી હતા. એ વાતને આજે પ્રત્યેક ભાવનગરવાસી જ નહીં પરંતુ તમામ ગુજરાતીઓ પણ ગર્વ સહીત યાદ કરતાં થાકતા નથી.

## 1.1 સૌરાષ્ટ્ર ની પ્રાચીનતા

ભારતવર્ષના ઇતિહાસમાં સૌરાષ્ટ્ર પ્રદેશ તેની ભૌગોલિક પરિસ્થિતિને કારણે જુદો પડતો પ્રદેશ છે. માનવસંસ્કૃતિના ઈતિહાસનો પ્રારંભ પ્રાગઐતિહાસિક યુગથી થયો હતો. સૌરાષ્ટ્રમા પુરાતત્વશાસ્ત્રીઓએ પુરાવશેષોના આધારે એવું અનુમાન કર્યું છે કે સૌરાષ્ટ્રએ અત્યંત પ્રાચીન પ્રદેશ છે. આ પ્રદેશમાં હડપ્પન સંસ્કૃતિ પેહલાંના અવશેષો પણ ઉપલબ્ધ થયા છે. એ અર્થ માં મોહેન્જોદડો અને હડપ્પા જેવી પ્રાચીન સંસ્કૃતિ સૌરાષ્ટ્રમાં હતી.

સૌરાષ્ટ્રને એક દ્વીપકલ્પ તરીકે પુરાતત્વશાસ્ત્રીઓ એ ઓળખાવ્યો છે. તેની ચારે બાજુ પાણી હતું. કચ્છના નાના રણ અને ખંભાતના અખાત વચ્ચે ભાલ-નળકાંઠાની નીચી ભૂમિનો પ્રદેશ આવેલો છે. ત્યાં પેહલાં સમુદ્ર ની ખાડી હતી. લુણી, બનાસ, સરસ્વતી, રૂપેણ, સાબરમતી વગેરેના સતત જમા થતા કાંપ ને લીધે છીછરી ખાડીનું પૂરાણ થતાં  ઉત્તર પૂર્વ સૌરાષ્ટ્ર ગુજરાતની મુખ્ય ભૂમિ સાથે જોડાઈ ગયું. આ દ્વીપકલ્પ લગભગ ૫૯, ૩૬૫, ૩૯ ચોરસ કિમી (૨૨.૯૨૧ ચો. માઈલ) જેટલો થાય છે. સૌરાષ્ટ્રએ પ્રાગૈતિહાસિક ભૂમિ હોવા ઉપરાંત ચન્દ્રગુપ્ત મૌર્યના સૌરાષ્ટ્ર વિજયથી ઐતિહાસિક યુગ નો આરંભ સૌરાષ્ટ્ર માં થયો હતો. ગુજરાતમાં સોલંકી શાસનકાળ પેહલાંનો પશ્ચિમ ભાગ 'સુરાષ્ટ્ર' તરીકે જાણીતો હતો. અપભ્રંશ થઈને આજે સૌરાષ્ટ્ર તરીકે ઓળખાય છે. સૌરાષ્ટ્રમાં 'ગોહિલવાડ' એ ગોહિલકુળ ના પ્રતાપી રાજવીઓં અને ગોહિલોના વસવાટને કારણે જાણીતો છે. તેનો અમૂક ભાગ સપાટ, થોડોક ભાગ ધારવાળો, ભાવનગર, પાલીતાણા, લાઠી વગેરે નો સમાવેશ ગોહિલવાડ માં થાય છે. પરંતુ તેમાં ભાવનગરને વધારે પ્રતિષ્ઠા મળી હતી. જેવી રીતે મહાન અકબર તેની સભાના નવરત્નો ને લીધે પ્રતિષ્ઠા મેળવી શક્યો હતો, એમ ભાવનગર ને 'પ્રગતિશીલ રાજ્ય' નું સન્માન મળ્યું હતું તેનું મુખ્ય કારણ ભાવનગર માં નાગારોનો  વસવાટ અને તેની પ્રવૃત્તિઓ હતી એમ કહી શકાય.

જયારે કાઠિયાવાડ ના ઘણા રાજ્યો પડતીમાં આવી ગયા હતા, ત્યારે જુનાગઢમાં ગોકુલજી  ઝાલા અને ભાવનગર માં ગગા ઓઝાના ડહાપણ  અને બુદ્ધિબળથી પરદેશી સત્તા સામે આ રાજ્યોએ પ્રતિષ્ઠા મેળવી હતી. આ નાગરોની વહીવટી સૂઝ, મુત્સદીગીરી અને શૌર્યનો લાભ મોગલો અને બ્રિટીશરો એ પણ લીધો હતો.આ અનુભવ નો લાભ ભાવનગર રાજ્ય ને પણ મળ્યો હતો.

## 1.2 ગોહિલકુળના શાસકોનો પ્રદેશ 'ગોહિલવાડ' :

ગોહિલકૂળ ની ઉત્પત્તિ ઘણી રસપ્રદ છે. અનેક કથાઓં અને ઉપકથાઓમાંથી સાચી હકીકત શોધવી મુશ્કેલ છે. છતાંય વિદ્વાન ઈતિહાસકારો અને લોકસાહિત્યમાં ગોહિલકૂળની ઉત્પત્તિ અંગે જે અનુમાનનો સ્વીકાર થયો છે તે ગોહિલ સૂર્યવંશી અને શાલિવાહન કૂળમાંથી હોવાનું મનાય છે. આ ગોહિલકૂળ ના મોહોદાસે મારવાડની લુણી નદી કાંઠે ખેરગઢમાં સત્તા સ્થાપી હતી.

આ સમય દરમ્યાન રાજસ્થાનમાં અનેક નાનાં મોટાં રાજ્યો હતા. દિલ્હીમાં મુસ્લિમ સત્તાની સ્થાપના થતા, આ રાજ્યો ઉપર આક્રમણ કરી રાજપૂત શાસકો  પાસેથી સત્તા આંચકી લીધી હતી. તો કેટલાક રાજપૂત શાસકોએ નવા પ્રદેશોમાં જઈને સત્તા

સ્થાપવાનો પ્રયત્ન કર્યો હતો. જેમકે જયચંદ  રાઠોડ નો મુસ્લિમ સત્તા સામે પરાજય થતા તેના પુત્ર હરીચંદ્ર એ મુસ્લિમ સત્તાનું આધિપત્ય સ્વીકારી લીધું . પરંતુ તેના અવસાન પછી થી સુલતાન શમ્સુદ્દીન ઇલ્તુતમીશે આક્રમણ કર્યું હતું. તેના ભયથી હરિચંદ્ર ના પુત્રો રાવ સીહાજી ખોરમાં કિલ્લા બાંધી રહ્યા હતા. કાલીનદીના કિનારે 'સીહારાવનો કિલ્લો' ખંડેર હાલતમાં આજે પણ જોવા મળે છે. આ કિલ્લા પર મુસ્લિમ સૈનિકોંએ આક્રમણ કરતા રાવસીહાજી મારવાડ ના ખેરગઢ તરફ આવ્યા હતા. ખેરગઢ માં ગોહિલ રાજવી સેજકજીને પરાજય આપી ખેરગઢ પર કબજો મેળવ્યો હતો. સેજકજી મારવાડની ભૂમિની મુશ્કેલીઓં માંથી માર્ગ શોધવા ગુજરાતના જૂનાગઢમાં ચુડાસમા વંશનો આશ્રય મેળવ્યો હતો. સેજકજી એ શાહપુર નજીક ( સુરેન્દ્રનગર) સેજકપુર વસાવી ગોહિલકૂળની સત્તા સૌરાષ્ટ્ર માં સ્થાપી હતી. સેજકજી ના ત્રણ પુત્રોમાં રાણોજી ના વંશજે ભાવનગર, શાહજી ના વંશે પાલીતાણા, સારંગજી વંશે લાઠીમાં સત્તા સ્થાપી હતી. જોકે માંગરોલમાં પણ ગોહિલકૂળ નો વસવાટ હતો, પરંતુ આ અલગ શાખાના હોવાનું મનાય છે.

### 1.2.1 ભાવનગરના ગોહિલવંશી રાજવીઓ

| ક્રમ | નામ | શાસનવર્ષ | ખિતાબ |
|---|---|---|---|
| ૧ | રતનજી(બીજા) (મૃ. 1703) | 1660-1703 | ઠાકોરસાહેબ |
| ૨ | ભાવસિંહજી(પહેલા) (1683-1764) | 1703-1764 | ઠાકોરસાહેબ |
| 3 | અખેરાજજી(બીજા) (1714-1772) | 1764-1772 | ઠાકોરસાહેબ |
| ૪ | વખતસિંહજી (1748-1816) | 1772-1816 | ઠાકોરસાહેબ |
| ૫ | વજેસિંહજી (1780-1852) | 1816-1852 | ઠાકોરસાહેબ |
| ૬ | અખેરાજજી(ત્રીજા) (1817-1854) | 1852-1854 | ઠાકોરસાહેબ |
| ૭ | જસવંતસિંહજી (1827-1870) | 1854-1870 (11thએપ્રીલ) | ઠાકોરસાહેબ |
| ૮ | તખ્તસિંહજી (1858-1896) | 11-એપ્રીલ-1870 – 29જાન્યુઆરી1896 | ઠાકોરસાહેબ |
| ૯ | ભાવસિંહજી(બીજા)(1875-1919) | 29-જાન્યુઆરી-1896 1-જાન્યુઆરી 1918 | ઠાકોરસાહેબ |
| | | 1જાન્યુ1918 – 17જુલાઇ1919 | મહારાજારાઓલ |
| ૧૦ | કૃષ્ણકુમારસિંહજી(1912–1965) | 17-જુલાઇ1919 – 15ઓગષ્ટ1947 | મહારાજારાઓલ |
| ૧૧ | વિરભદ્રસિંહજી(1932–1994) ^ | 1-એપ્રિલ-1965થી26-જુલાઇ-1994 | મહારાજારાઓલ |
| ૧૨ | વિજયરાજસિંહજી (1968) | 26-જુલાઇ-1994થીહાલમાં જીવિત | મહારાજારાઓલ |

**કોઠા ક્રમાંક 1 ભાવનગરના ગોહિલવંશી રાજવીઓ**

હાલમાં રાજવીકુટુંબના સભ્યોમાં મહારાજા વિજયરાજસિંહ ગોહિલ, મહારાણી સંયુક્તાકુમારી, યુવરાજ જયવીરરાજસિંહ ગોહિલ અને રાજકુમારી બ્રિજેશ્વરીકુમારી છે.

ભાવનગર રાજ્ય નો ઈતિહાસ ખુબ રસપ્રદ એક ઉમદા વિચારસરણી ધરાવતો રાજવીઓ નો રહ્યો છે. તેના રાજવીઓ પ્રજા વત્સલ અને વિકાસ ના કાર્યો કરવા માટે તત્પર રેહતા હતા. ઈ.સ 1703માં રાજા રતનસિંહજી (બીજા) થી ભાવનગરમાં ગોહિલવંશ ના શાસન ની શરૂઆત થઇ હતી. તેઓના કાર્યકાળનો સમય ઉપર મુજબ નો રહ્યો હતો.

ભાવનગર રાજ્યએ સૌરાષ્ટ્રનું એક અગત્યુંનું અને પ્રગતિશીલ રાજ્ય હતું. આ પ્રગતિશીલ અને પ્રજાકલ્યાણકારી રાજ્યને સમગ્ર હિન્દમાં પ્રસિદ્ધિ મળી હતી[1]. માત્ર સૌરાષ્ટ્ર કે ગુજરાતના નહીં પણ ભારતના તમામ દેશી રાજ્યોમાં ભાવનગર રાજ્યનું સ્થાન વિશિષ્ટ હતું. માત્ર ભાવનગર રાજ્યના અને સાંપ્રત ભાવનગરના ઈતિહાસમાં જ નહિ એની નોધ ભારતના ઈતિહાસમાં પણ સુવર્ણાક્ષરે લેવાતી રહેશે[2]. પ્રાચીનકાળથી સૌરાષ્ટ્ર પ્રદેશ એક સુંદર સમૃદ્ધ અને સંસ્કારશીલ પ્રદેશ તરીકે ઓળખ પામ્યું છે[3]. ગોહિલવાડમાં આવેલું ભાવનગરનું રાજ્ય ગોહિલ રાજ્ય કાઠિયાવાડ ઇલાકાના પેહલા વર્ગમાં રાજ્યોમાં ત્રીજા સ્થાને હતું[4]. ગોહિલ વંશની રાજધાની તરીકે ભાવનગર ની સ્થાપના સાથે જ ગોહિલકૂળનો અને ભાવનગર રાજ્યની જાહોજલાલીના એક નવો જ યુગનો ઉદય થયો. ભારતને આઝાદી મળતાં હિંદનાં દેશી રજવાડાઓનું ભારત સંઘમાં વિલિનીકરણ થયું ત્યાં સુધી ગોહિલવંશે પોતાની એક હથ્થુ સત્તા ટકાવી રાખી અને વંશાનુગત ઈતિહાસના ક્ષેત્રે તે ઉલ્લેખનીય બની ગયો[5].

## 1.3 'ભાવનગર'નું નામકરણ:

પૂર્વે [ઈ.સ 1723 પહેલાં] ગોહિલકૂળ ની રાજધાની શિહોરમાં હતી. સવંત 1779 ના વૈશાખ સુદ ત્રીજના દિવસે (ઈ.સ 1723) ગોહિલવંશના રાજવી શ્રી ભાવસિંહજી પેહલાએ ભાવનગર વસાવ્યું, મૂળ ગામ 'વડવા' હતું. આ ગામને વિસ્તારી શ્રી ભાવસિંહજી પેહલાએ રાજધાનીની સ્થાપના કરી અને પોતાના નામ પરથી 'ભાવનગર' નામ રાખ્યું હતું.

ભાવનગર રાજ્યનો સમાવેશ પેહલાથી જ સૌરાષ્ટ્રમાં થાય છે. અને તેના કારણે સૌરાષ્ટ્ર નો પ્રભાવ ભાવનગર રાજ્ય પર જોવા મળે છે. આ કારણસર ભાવનગર રાજ્ય ના સંપૂર્ણ ઈતિહાસ જાણવા માટે સૌરાષ્ટ્ર ને જાણવું ખુબ અનિવાર્ય બની જાય છે.

આ પ્રદેશનું નામ સૌરાષ્ટ્ર કેવી રીતે પડ્યું તે અંગે જુદાં જુદાં વિદ્વવાનોએ જુદા જુદા અનુમાનો કર્યા છે. કોઈ એ તેને ‘સુરાષ્ટ્ર’ એટલે સારો દેશ તો કોઈએ તેને સુરરાષ્ટ્ર એટલે દેવોનો દેશ કહ્યો છે. અંગ્રેજો ગ્રંથકારોએ તેને સૌ-રાષ્ટ્ર (સૂર્યપૂજક લોકોનો દેશ) કહ્યો છે. તેને સરાષ્ટ્સ કહે છે. ટોલોમી અને પેરીપ્લસ તેને સૌરાષ્ટ્રની કહે છે. 'સુરારાષ્ટ્ર' એવું સ્ત્રીલિંગ રૂપ પણ તેના માટે વપરાતું હતું પરંતુ તેનું શુદ્ધ અને સ્પષ્ટ નામ સૌરાષ્ટ્ર છે.[6]

આપણા પ્રાચીન ગ્રંથોમાં 'સૌરાષ્ટ્ર' અને 'સુરાષ્ટ્ર'નો ઉલ્લેખ વારંવાર જોવા મળે છે. રામાયણના બાલકાંડ અને કિષ્કિન્ધાકાંડમાં ક્રમશઃ 'સુરાષ્ટ્ર' અને સૌરાષ્ટ્રના ઉલ્લેખ છે[7]. મહાભારતના સભાપર્વમાં પણ આ બે નામોનો વારંવાર ઉલ્લેખ જોવા મળે છે. કારણકે આતો શ્રીકૃષ્ણની યાદવોની તથા પાંડવોની પ્રિયભૂમિ હતી. ઉપરાંત કૌટિલ્યના અર્થશાસ્ત્ર (અધ્યાય-બે) બૌધિયનધર્મશાસ્ત્ર(1-2-13) માં પાણિનીના અષ્ટાધ્યાયી તથા પતંજલિના મહાભારતમાં ગિરનારના શિલાલેખમાં તથા સુરઠરૂપે નાસિકના વસીષ્ઠિપુત્ર તુલુંમાંલીના લેખમાં 'સુરાષ્ટ્રનો ઉપયોગ કર્યો છે[8]. પાણિનીએ નારી', 'કુંતી સુરાષ્ટ્ર' અને 'ચિંતીસુરાષ્ટ્ર' શબ્દનો ઉપયોગ કર્યો છે[9]. ગરુડ, વામન, શિવ, સ્કંદ. કુર્મે, મત્સ્ય, વાયુ વગેરે પુરાણોમાં શ્રીમદભાગવત અને હરિવંશમાં તેનો ઉલ્લેખ છે. બૌદ્ધ જાતકકથા મંજુશ્રીમૂલ્કલ્પમાં પણ સૌરાષ્ટ્રનો ઉલ્લેખ છે. ગુજરાતના સૌથી પ્રાચીન એવા જૂનાગઢમાં આવેલા ત્રીવંશીય શીલાલેખમાં પણ સૌરાષ્ટ્રનો ઉલ્લેખ છે[10].

નાસિકની ત્રીજી ગૂફાના ઇ.સ.પૂર્વે 25 ના લેખમાં સુરઠ નામ મળે છે[11]. એ ઉપરથી સુરઠનું સંસ્કૃતિકરણ સુરાષ્ટ્ર વધારે સંભવિત છે. મહારાષ્ટ્ર મહાકરઠ (રાઠી,રઠી, રઠ્ઠું) એમ જાતિ ઉપરથી પડ્યું એવા ડૉ.ડી.આર. ભંડારકરના મત ઉપરથી સુ+રઠ એ રીતે આ જાતિ ઉપરથી જ સુરાષ્ટ્ર નામ પડ્યું હોય એવી સંભાવના ઉપજે ડૉ. કે. પી. .જૈસવાલના મત મુજબ ગુજરાતના આ હીરોને અશોકના શિલાલેખમાં તથા મહાભારતના યાદવો હોય તો યાદવો સુરાષ્ટ્રમાં વસ્યા તેથી તે દેશને સુરાષ્ટ્ર નામ મળ્યું હોય. સુરાષ્ટ્ર તે કોઈક પ્રાચીન દેશના નામ ઉપરથી સંસ્કૃતિકરણ છે.[12].

હ્યું-એન-ત્સાંગ (ઇ.સ.640) વલભી અને સુરાષ્ટ્ર એ બંને જુદા-જુદા હોવાનું લખે છે[13]. એક માન્યતા એ છે કે સૂરા જાતી અહી વસી તેથી તે સૌરાષ્ટ્ર કહેવાયો. આજે સૌરાષ્ટ્રનું અપભ્રંશ નામ સોરઠ છે. મુસ્લિમો સૌરાષ્ટ્રનો ઉચ્ચાર બરાબર કરી શકતા

નહિ તેથી સોરઠ કેહતા પણ ખરું વિચારતા સોરઠ શબ્દ પણ પ્રાચીન છે. મેગેસ્થેનીઝે પણ સૌરાષ્ટ્રને હોરત કહ્યો છે. હોરેત પરથી સોરઠ થયાનો તર્ક પુરાંગત લાગે છે[14].

મૈત્રકકાળ શાસનોમાં 'સુરાષ્ટ્ર' શબ્દ પ્રયોગ દેશવાચક નામ તરીકે છે. સોલંકીકાળમાં પણ તે શબ્દ પ્રચલિત હતો. એવું પણ જોવા મળે છે કે 'સુરાષ્ટ્ર' પ્રજાવાચક સંજ્ઞા હતી. વિદેશી મુસાફરોએ પણ 'સુરાષ્ટ્ર' નો ઉપયોગ કર્યો છે. એક અભિપ્રાય એવો પણ છે કે 'સુ' નામની પ્રાચીન પ્રજા હતી એવી બીજી પ્રજા હતી રઠ એ બંને પ્રજાનો દેશ તે 'સુરઠ ' અને તેનું સંસ્કૃતિકરણ એટલે 'સુરાષ્ટ્ર'[15]. મુસ્લિમ સમયમાં સૌરાષ્ટ્રનું અપભ્રંશ નામ સોરઠ થયું.

‘અકબરનામા’ ,‘આઈન-એ-અકબરી’ અને ‘તવારીખ-એ–સોરઠ’ માં 'સોરઠ' નામનો ઉલ્લેખ છે[16]. ડો. એલ. ડી. જોશીના મતાનુસાર 'સોરઠ' શબ્દના ત્રણ અક્ષર સ ર અને ઠ ક્રમશઃ સરસ, રસ ઠાલવતા પ્રદેશના પ્રતિક છે[17]. ગુજરાતના સુલતાનોની સત્તા સૌરાષ્ટ્ર ઉપર સ્થપાયા પછી સૌરાષ્ટ્રના વિભાગો પાડવામાં આવ્યા હતા તેમાંથી હાલાર, ગોહિલવાડ, ઝાલાવાડ વિભાગો અલગ પડતા દક્ષિણ સૌરાષ્ટ્ર સોરઠના નામે ઓળખાયો[18]. મુસ્લિમ વિજેતાઓને સૌરાષ્ટ્રનું પ્રાકૃત નામ સોરઠ સ્વીકારી લીધું હતું[19]. પછીથી જૂનાગઢના બાબીવંશના નવાબો 'સોરઠ સરકાર' તરીકે ઓળખાતા પરંતુ તેમની રાજમુદ્રામાં તો નાગરીલિપિમાં "સૌરાષ્ટ્ર' શબ્દ મુકવામાં આવ્યો હતો. આમ સૌરાષ્ટ્રનું સોરઠ થયું અને પ્રચલિત પણ થયું, પરદેશી મુસ્લિમ ઇતિહાસકાર સિકંદર સોરઠનું જે વર્ણન કર્યું છે. તે નોધપાત્ર છે. તે લખે છેઃ સોરઠ એવો દેશ છે જાણે કે ઈશ્વરે માળવા, ખાનદેશ અને ગુજરાતના સર્વોત્તમ તત્વોનું મિશ્રણ કરીને અહીની પ્રજાનું સર્જન કર્યું હોય. તેથી તે પ્રદેશ જગતના દેશો માટે જાણે કસોટીનો પથ્થર બની ગયો હતો[20].

કાઠીઓં કચ્છમાં વસ્યા પછી પ્રસિદ્ધિ પામ્યા હતા. આઠમી સદીમાં કંથકોટ તેમનું રાજધાનીનું શહેર હતું. કચ્છમાંથી કાઠીઓં સૌરાષ્ટ્રમાં સ્થાનાંતર કરીને આવ્યા. તેઓં માંથી 14મી સદી દરમ્યાન સૌરાષ્ટ્રમાં આવ્યા હોવાનો મંતવ્ય પ્રવર્તે છે. તેનો સમય નક્કી કરવા માટે સંશોધન કરવું જરૂરી છે. તેઓ સિંધમાંથી કચ્છ થી થઇ સૌરાષ્ટ્રમાં આવ્યા અને સૌપ્રથમ થાનમાં વસ્યા[21]. પછીથી સૌરાષ્ટ્રનો એક વિસ્તાર તેમને કબજે કરી લીધો હતો.

પેશ્વા અને ગાયકવાડના લશ્કરો સૌરાષ્ટ્રમાં મુલકગીરી ઉઘરાવવા માટે આવતા થયા ત્યારે તેને સૌપ્રથમ કાઠીઓંનો મુકાબલો કરવો પડ્યો હતો તેથી મરાઠાઓએ

સૌરાષ્ટ્રના મધ્ય અને દક્ષિણપ્રાંતને 'કાઠેવાદ' કહ્યો તેના ઉપરથી સમયજતા આખા દ્વીપકલ્પનું નામ 'કાઠિયાવાડ' પડ્યું. પછીથી અંગ્રેજોએ પણ સૌરાષ્ટ્ર પ્રદેશને કાઠિયાવાડ કહ્યો. અને તે નામ 1947માં આઝાદી મળી ત્યાં સુધી ચાલુ રહ્યું હતું આમ પ્રાચીનકાળમાં આ પ્રદેશનું નામ 'સૌરાષ્ટ્ર' મધ્ય અથવા મુસ્લિમયુગમાં 'સોરઠ' અને આધુનિક અથવા બ્રિટીશયુગમાં તેનું નામ કાઠિયાવાડ રહ્યું 1947માં આઝાદી પછી દેશી રાજ્યોનું વિલિનીકરણ થયું અને ફરીથી તેનું પુરાણ પ્રસિદ્ધ પ્રાચીન નામ 'સૌરાષ્ટ્ર' સ્વીકારવામાં આવ્યું છે[22].

## 1.4 રાજધાની સ્થળાંતરનાં કારણો

ભારત માં ઓરંગઝેબના અવસાન બાદ મોગલ સામ્રાજ્યનો પડતી નો કાળ વધુ વેગથી ધપી રહ્યો હતો. બીજી તરફ મોગલોના હરીફ એવા મરાઠાઓની ચઢાઈઓના ધોડાપુર દેશના જુદા જુદા પ્રદેશો ઉપર ફરી વળ્યા હતા. આ હુમલાઓનો ભોગ સૌરાષ્ટ્રમાં જુદા જુદા રાજ્યોની રાજધાનીના સ્થળો બન્યા હતા. આ સમયે (અઢારમી સદીના પૂર્વાધ) ગોહિલવંશની રાજધાની શિહોરમાં પર પણ હુમલાઓં કાર્ય હતા. આમ મરાઠાઓં અને ભાવસિંહજી પેહલા વચ્ચે સંઘર્ષમાં ભાવસિંહજી પેહલાએ શૌર્ય અને સાહસ બતાવી મરાઠાઓના  હુમલા ને નિષ્ફળ બનાવ્યો હતો.

પ્રાચીન અને મધ્યકાળમાં ઘણા રાજાઓ અને બાદશાહો રાજધાનીનુ સ્થળાંતર કરવા ના ઘણા પ્રસંગ છે. એમ ભાવસિંહજી પેહલા પણ મરાઠાઓં સાથેના સંઘર્ષ પછી સતર્ક થઇ ગયા હતા. ભારતના ઇતિહાસમાં રાજાઓએ પોતાની સલામતી માટે રાજધાની સ્થળાંતર કર્યા ના ઘણા પ્રસંગ છે. પરંતુ પોતની પ્રજાની પ્રગતિનો વિચાર પણ આ પ્રકારના સ્થળાંતરમાં રહેલો હોય, એવા દ્રષ્ટાંતો ખુબ જ ઓછા હોય છે. ભાવસિંહજી પેહલા એ મરાઠાઓ સામે  હારીને, ભાગીને રાજધાનીનું સ્થળાંતર નહોતું કર્યું. આ સમયે મરાઠાઓ  શક્તિશાળી હતા, પરંતુ છત્રપતિ શિવાજીના ઉદ્દેશો થી વિમુખ થયા હતા. શિહોર પરના મરાઠઓના હુમલામાં ભાવસિંહજીએ મરાઠા ઓંની શક્તિ અને પ્રતિષ્ઠાને નુકશાન કર્યું હતું. તેથી મરાઠાઓં ફરીથી શિહોર પર હલ્લાઓં કરે એવી આશંકા હતી. એમ પોતાના પ્રદેશની ભૌગોલિક સ્થિતિમાંથી ફાયદો લેવાની સમજણ પણ આ શાસકોને હતી. પ્રજાની સલામતી, શાંતિ, અને પ્રગતિ માટે શિહોરથી ભાવનગર રાજધાનીનું સ્થળાંતર કરી લોકોનું કલ્યાણ કર્યું.

આપણા પ્રાચીન સાહિત્યમાં રાજધાની માટે કેવા સ્થળની પસંદગી કરવી, આ અંગે શુકનીતિસરમાં વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે. તે અનુસાર રાજધાની માટે સુરમ્ય

અને સપાટ ભૂમિવાળો પ્રદેશ કરવો, એ ભૂમિમાં સારું અને પુષ્કળ પાણી હોવું જોઈએ , પંખીઓંના કલરવથી ગુંજતી વૃક્ષવેલીઓની ઘટાઓથી ભૂમિ આચ્છાદિત હોવી જોઈએ, ઘાસચારો અને લાકડાની તંગી ન હોવી જોઈએ, સુંદર વાવ, કુવા અને જળયંત્રોથી રાજધાની સમૃદ્ધ હોવી જોઈએ, રાજધાનીના નગરમાં સારા માર્ગો, બાગ બગીચા અને વિશ્રાંતિગૃહો અને રાજસભા હોવા જોઈએ. ભાવસિંહજી પેહલાએ ભાવનગરને રાજધાની ના સ્થળ તરીકે પસંદ કર્યું , આ અંગેનું 'રાજધાની વાસ્તુજ્ઞાન' તેમની પાસે જરૂર હશે. જયારે રાજધાનીનું સ્થળાંતર કરવામાં આવ્યું. હતું ત્યારે વલ્લભજી દેસાઈ વહીવટકર્તા હતા.

આપણી પુરાતન રાજધાનીઓ માં પ્રાકૃતિક સૌંદર્ય, માનવસુખ અને પાયાની આવશ્યકતાઓ પર પુરતુ ધ્યાન આપવામાં આવ્યું હતું. સમગ્ર રાજ્યના લોકજીવન ની પ્રગતિને પ્રેરક અને પોષક હોય એવી રાજધાની ઓ સ્થાપવામાં આવી હતી. ગોહિલવંશના રાજાઓ આ વિચાર થી પરિચિત હતા. એટલે જ શિહોરમાં પર્વતોની વચ્ચે સુરક્ષિત જગ્યાએ રાજધાની સ્થાપી હતી. રાજપૂત યુગમાં રાજા અને પ્રજાની સલામતી માટે કિલ્લાનો દરવાજો તૂટતો ત્યારે સંઘર્ષ માં હાર જીતનો નિર્ણય થઇ જતો હતો. શિહોરના ગઢ ના ઘેરાને તોડીને કોઈ હુમલાખોર શહેર માં પ્રવેશ કરે તો રાજાને બચવા માટેના રસ્તાઓં નહોતા. રાજધાની સ્થળાંતર માટે આ કે પરિબળ હતું. કારણ કે ટેકરી ઓથી ઘેરાયેલા આ કિલ્લામાંથી છટકી શકાય એવા રસ્તાઓ નહીવત હતા. જયારે ભાવનગર એ દરિયાની નજીકમાં હતું. સંકટ સમયમાં હોડીમાં બેસી સુરક્ષિત સ્થળે પહોંચી શકાય એમ હતું. આ યુગમાં એવા જ રાજાઓં ની સત્તા ટકી શકતી જે શાસકો પોતાની અને પ્રજાની સલામતી માટે ભવિષ્ય અંગે વિચારી શકતા. વળી મરાઠાઓં સાથે ભાવસિંહજી પેહલાનો સંઘર્ષ શરૂ જ રહે તો મરાઠા સૈનિકો પર્વતીય કિલ્લાઓને જીતવાના નિષ્ણાત હતા. આમ છતાય શિહોરનો કિલ્લો જીતવામાં નિષ્ફળ રહ્યા હતા. એ જ ભાવસિંહજી પેહલાની મોટી સિદ્ધિ હતી. છતાય મરાઠાઓના આક્રમણ ને નિષ્ફળ બનાવ્યું પછી પણ ભવિષ્યના હુમલાઓ સામે રક્ષણ ની વ્યવસ્થા તેમને વિચારી લીધી હતી.

ભારત માં ઘણા રાજાઓ યુદ્ધમાં વિજય પછીના ઉન્માદમાં એટલા બધા ઉત્સાહિત થતા કે, હવે પછીના આક્રમણ અંગે વિચારવાનું ભૂલી જતા અને પરાજય નો ભોગ બનતા. મહંમૂદ ગઝનવી ના આક્રમણો અને તેની સફળતાઓ માટે આ કારણ હતું તે ભારતના રાજાઓની સંપત્તિ લૂટાતો રહ્યો, ભારતના રાજાઓની આળસ અને બિન આવડતની ઠેકડી ઉડાવતો રહ્યો. પરંતુ એવા પણ અપવાદરૂપ કેટલાક રાજાઓ હતા કે

જે પોતાની પ્રજાના સલામતી અને સુખીજીવન અંગે વિચારતા હતા. ભાવસિંહજી પેહલા આવા જ એક દીર્ધદ્રષ્ટી વાળા શાસક હતા. તેથી તેમનું સ્થળાંતરનું પગલું બુદ્ધિપૂર્વકનું અને યોગ્ય સમયે હતું.

સ્થળાંતર માટેનું બીજું કારણ એ ગણી શકાય કે, પ્રદેશની આર્થિક સમૃદ્ધિ અને શાસક ની સિદ્ધિઓમાં દરિયા કિનારાનો ફાળો ખુબ જ મહત્વની ભૂમિકા ભજવે છે. બ્રિટન, અમેરિકા, જાપાન, ઇટાલી, ફ્રાંસ, જર્મની જેવા દેશો લાંબા દરિયા કિનારાને લીધે પ્રગતિ, પ્રતિષ્ઠા, પૈસા અને સત્તા મેળવી શકયા. એમ સૌરાષ્ટ્રની પ્રગતિમાં અરબી સમુદ્રનો ફાળો પણ બહુ મૂલ્ય રહ્યો છે. વલ્લભીની પ્રતિષ્ઠા તેના દરિયા કાંઠાના સ્થળને લીધે વધુ હતી. પુરાણોમાં ઉલ્લેખ છે એ મુજબ શ્રીકૃષ્ણએ પણ રાજધાની સૌરાષ્ટ્રના દ્વારકામાં સ્થાપી હતી. શિહોરના આ દૂરંદેશી અને પ્રતિભાશાળી ઠાકોર સહેજ પણ અજાણ  નહિ હોય કે પોતાના અને પ્રજાના ભલામાં દરિયાકાંઠાનું બહુ મુલ્ય યોગદાન હોય છે! ભાવનગરના દરિયા થકી ખંભાત, ભરૂચ, સુરત, અને વિદેશ વ્યાપારની સારી સગવડતાઓ વિકસાવી શકાય એમ હતી. તેથી જ ભાવનગરને સૌરાષ્ટ્રના 'ગેટ વે ઓફ બોમ્બે' કેહવામાં આવે તો અતિશયોક્તિ નહિ કેહવાય. આ અર્થમાં રાજધાનીના સ્થળાંતરમાં ઠાકોરશ્રી ભાવસિંહજીને માત્ર ભાવનગરની જ નહિ, પરંતુ સમગ્ર સૌરાષ્ટ્રના વિકાસની તક અને શક્યતાઓ અંગે વિચાર્યું હશે.

પ્રાકૃતિક અને માનવશ્રમ ના કલ્યાણકારી ઉપયોગ માટે બહુયામી પ્રતિભા અને પ્રયાસોની જરૂર હોય છે. નહિ તો એ જ સંપદા એના પતનનું કારણ પણ બની શકે છે.વળી આ યુગ તો આક્રમણનો યુગ હતો. જે શાસક ની તલવારની લંબાઈ અને મજબૂતાઈ વધારે તે દેશ અને વિદેશમાંથી સંપત્તિ અને સૌંદર્ય ઝૂંટવી પોતાની રાજધાનીમાં ભોગવતા હતા. સત્તા અને પ્રતિષ્ઠા માટે અનેક પ્રકારના દાવપેચ ખેલતા હતા. આ રમતમાં વિજય મેળવવા માટે પ્રતિભાશાળી નેતૃત્વ શક્તિ અનિવાર્ય હતી.

ભાવસિંહજી પેહલાએ ભાવનગરમાં રાજધાની સ્થાપી સ્થિરતા, સલામતી અને આર્થિક વિકાસમાં સફળ થવાના ઉમદા પ્રયાસો કર્યા હતા.

### 1.4.1 રાજધાની ની સ્થિરતા માટેનાં પગલાં:

ભાવસિંહજી પેહલા એ રાજધાનીનું સ્થળાંતર કર્યું, ત્યારે સૌરાષ્ટ્ર અનેક સંકટોથી ઘેરાયેલું હતું. પ્રથમ તો સૌરાષ્ટ્ર ના શાસકો એકબીજા સાથે ઈર્ષાભાવ થી પીડાતા હતા. આ પીડાથી પાયમાલ પણ થતા જતા હતા. બીજી તરફ નાના જાગીરદારો પોતાની સ્વતંત્ર હુકૂમત સ્થાપવા માટે હવાતિયા મારતા હતા. રાજાઓ પોતાની સત્તાની સ્થિરતા

માટે દૈવીયોગની રાહમાં તડપતા હતા. મુસ્લિમ સત્તાનો સૂરજ આથમી જવાની ક્ષણે હતો, છતાય પોતાના વર્ચસ્વની શોધમાં ભટકતા હતા. સૌરાષ્ટ્ર માં એક નવી જ શક્તિ રાજાઓની ઊંઘ હરામ કરી રહી હતી, આ શક્તિ મરાઠાઓની હતી. તેઓ પોતાના સામ્રાજ્ય ની સ્થાપના માટે ધન તૃષ્ણાને મહત્વ આપતા હતા. તેથી સૌરાષ્ટ્રમાં વારંવાર ચઢાઈઓ કરતા હતા.

આમ અઢારમી સદીનો આરંભકાળ એ સૌરાષ્ટ્ર ના શાસકો માટે દીર્ઘ દ્રષ્ટિની અપેક્ષા આધારિત હતો. આ પ્રકારની પ્રતિભા ભાવસિંહજી પેહલા પાસે હતી. જો કે ભાવસિંહજી પેહલા માટે રાજધાનીની સ્થાપના કરવાનું કાર્ય જેટલું સહેલું હતું, એટલું રાજધાની ને સ્થિર કરવાનું નહોતું. કારણ કે એક તરફ કાઠીઓ તેની સામે મુશ્કેલી ઊભી કરી રહ્યા હતા. એમ ભાવનગર ની નજીક ઘોઘાબંદરની જાગીર બાબીવંશને મળી હતી. સોરઠના ફોજદારની હુકૂમત ગોહિલવાડ ઉપર રેહતી હતી. આ ઉપરાંત અમદાવાદના સૂબા અને જુનાગઢ ના સૂબા વચ્ચેના સંઘર્ષ નો પ્રભાવ ભાવનગર સુધી રેહતો હતો .આ સંકટમાંથી માર્ગ કાઢવાની ક્ષમતા ભાવસિંહજી પેહલા એ કેળવી લીધી હતી. તેમને સાહસ, દુરંદેશીયતા, કુનેહનીતિથી ભાવનગરને સ્થિરતા તરફ લઇ જવાના પ્રયાસો કર્યા હતા. તેનામાં રહેલી આશ્રય આપવાની ભાવના, સમાનુકુલતા સાધવાના ગુણોને લીધે સફળતા મેળવી હતી. જેમકે રાજધાની ના સ્થળાંતર સમયે સુરતથી ભાગી આવેલા સોહરાબખાનને આશ્રય આપ્યો હતો. આ જ સોહરાબખાન પછીથી સોરઠ નો નાયબ ફોજદાર થયો હતો. તેમજ ભાવસિંહજી પેહલાએ મરાઠાઓને પરાજિત કર્યા હોવાથી તેની પ્રતિષ્ઠામાં પણ સારો એવો વધારો થયો હતો. ઉપરાંત સુરત ના કિલ્લેદાર સાથે સમજુતી કરી. ભાવનગર ની આર્થિક પ્રગતિનું ઉત્તમ પગલું ભર્યું હતું.

આમ મરાઠાના આક્રમણો, શિહોરના ગઢની સંકડામણ અને ભાવસિંહજી પેહલાના એશ્વાર્થ તેમજ નાગર વહીવટકર્તાની સૂઝને કારણે એક 'સંસ્કારી નગર' ની સ્થાપનાનો પાયો નંખાયો હતો

## 1.5 ઐતિહાસિક પૃષ્ઠભૂમિ

### 1.5.1 પ્રાગ-ઐતિહાસિકકાળના વૃત્તાંત:

પ્રાગ – ઐતિહાસિક સંસ્કૃતિનો સમય પર અઢીથી પાંચ લાખ વર્ષ જેટલો વિસ્તાર છે. આ કાળમાં માનવકૃત ચીજો, ઓજારો પાષણના હતા. ભાવનગર જીલ્લામાં પ્રાગઐતિહાસિક માનવસંસ્કૃતિના અવશેષો આ પૂર્વે [1970 પહેલાં] પ્રાપ્ત થયા ન હતા. છેક 1970-71માં વાંગધ્રા (ઉમરાણ) પાસેના ટીંબામાં

આધપાષણયુગના ઓજારો હાથ લાગ્યા[23]. બીજે વર્ષે આવો એક ટીંબો સમઢિયાળ (ઉમરાણ) માં મળ્યો. એજ વર્ષે રાજપીપળા (તા. ગઢડા) અને ભોજાવદર (ઉમરાળા) માં મધ્ય(પ્રાચીન) પાષણયુગના ટીંબા શોધાયા[24]. ત્યારબાદ [1974-75] ગઢડા તાલુકામાં રાજપીપળા પાસે આદ્ય (પ્રાચીન) પાષણયુગનો તેમજ ઉમરાળા તાલુકામાં તરપાડા અને ઉમરાળા પાસે મધ્યપાષણયુગનો એક ટીંબો નોધાયો[25]. વલ્લભીપુર તાલુકામાં પીપળી અને જુના રામપુરમાં તેમજ ભાવનગર તાલુકામાં અધેવાડા, અકવાડા અને સીદસર પાસે અત્યંત પાષણયુગના ટીંબા પણ મળ્યા [1980-81] છે. ભાવનગર જિલ્લામાં પ્રાચીન પાષણયુગના ત્રણેય તબક્કાઓની પ્રાગઐતિહાસિક સંસ્કૃતિના અવશેષો મળી આવ્યો છે[26].

**1.5.2 આદ્ય ઈતિહાસ:-**

પ્રાગઐતિહાસિકકાળના આરંભે આદિમાનવ મૃગયા અને અન્નસંચયવડે ઉદરનિર્વાહ કરતો તે એક અરણ્યથી બીજા અરણ્યમાં ભ્રમણ કરતો સમય જતા એ કૃષિ અને પશુપાલન અપનાવી સ્થાયીજીવન ગાળતો થયો. માનવસંસ્કૃતી પ્રાગૈતિહાસિકકાળમાંથી આધ-ઐતિહાસિકકાળમાં સંક્રાંત થઇ ત્યારે તેને લેખનકળા હસ્તગત કરી હતી [ઈ.પુ.2,500 થી ઇ.સ.500 સુધીના કાળને આદ્યઐતિહાસિક ગણવામાં આવે છે.] જેને હડપ્પીય કે સિંધુ સંસ્કૃતિના નામથી ઓળખીએ છીએ કચ્છ સૌરાષ્ટ્ર અને તળ ગુજરાતમાં એની વસાહતોના સંખ્યાબંધ સ્થળો ઉપલબ્ધ થયા છે.

ભાવનગર જીલ્લમાં હડપ્પીય સભ્યતાના અવશેષ ધરાવતા અનેક સ્થળો શોધાય છે. પુરાતન વસ્તુકીય સ્થળ તથા સમા [1955-56] બાબરકોટ તા.બોટાદમાં ઘોડી પરની નાળી, ભારે કાનાવાળા વાડકા અને દ્વિરંગી ચિત્રોવાળી ઠીકરિયો જેવા આદ્ય-ઐતિહાસિક અવશેષો મળ્યા હતા. મોટી ધરાઈ વલભીપુર પાસે પણ હડપ્પીય વસાહતનું એક સ્થળ મળ્યું છે[27] ત્યાં અજમાયશી ખોદકામ કરવામાં આવ્યું અને સ્થળ તપાસ દરમ્યાન તગડી તા.ઘોઘા પાસે એક હડપ્પીય સ્થળ શોધાયું[28]. તે પછીનુ [1958-59] સ્થળ તપાસમાં રસથાળ તા.ગઢડામાં એવું એક સ્થળ પ્રકાશમાં આવ્યું[29]. એ દરમ્યાન [1960-61] ઘેલોનદીની ખીણમાં છ સ્થળોએ[30] અને કાળુભાર નદીના ખીણમાં આઠ સ્થળોએ[31] હડપ્પીય મૃત્પાત્ર

પ્રાપ્ત થયા છે. આ મૃતપાત્રોમાં હમેંશની ઘોડી પર નાળી બહિર્ગોળ – બાજુવાળા કે તૃતકઘાટનો વાટકો, કાનાદાર કાંઠલાવાળો ઘડો વગેરેનો સમાવેશ થાય છે[32]. ઘેલો ખીણમાં ત્રણ સ્થળોએ ચળકતા લાલ મૃતપાત્ર મળ્યા છે. ઘેલોખીણમાં ત્રણ સ્થળોએ અને તામ્રપાષણયુગના નીલલોહિત મૃતપાત્ર પ્રાપ્ત થયા છે. ઘેલોખીણમાં ચાર સ્થળોએ અને કાળુભાર ખીણમાં બે સ્થળોએ પ્રભાશ-રોજડી પ્રકારના ખરબચડા કાંગરીવાળા મૃતપાત્ર મળ્યા એજ રીતે [1962-63માં] હડપ્પીય મૃત્પાત્રનો અવશેષ વલ્લભીપુરમાં હાથ લાગ્યા. આ ઉપરાંત [1971-72] આ જીલ્લામાં ગઢડા તાલુકામાં 16 અને ઉમરાળા તાલુકામાં ચાર ટીંબાઓમાં હડપ્પીય સભ્યતાના અવશેષો મળ્યા. આ તથા [1972-73માં] બુધેલમાં આવો એક ટીંબો પ્રકાશમાં આવ્યો. આ ટીમ્બાઓ પર મળતા અવશેષો પરથી અહીં લગભગ [ઈ.સ.પુ. 1300-1900 થી 1900 દરમ્યાન] હડ્પ્પીય સભ્યતા ધરાવતી અનેકા નાની વસાહતો વસી હોવાનું જાણવા મળેલ છે[33].

### 1.5.3 આરંભિક ઈતિહાસ: (ઈ.સ. પુ. 322 થીઈ.સ. પુ. 25)

ગુજરાતનો દસ્તાવેજી ઈતિહાસ મૌર્યકાળથી શરૂ થાય છે. મગધના ચંદ્રગુપ્તમૌર્ય અને અશોકમૌર્ય (અનુક્રમે ઈ.સ પુ. 322 થી 298 અને ઈ.સ. પુ. 273 થી 237) ના રાજ્યપાલો ગિરિનગર (જુનાગઢ) માં રહી સમસ્ત સૌરાષ્ટ્ર ઉપર સત્તા ધરાવતા અશોક- ના પૌત્ર રાજા સંપ્રતી એ વર્ષ (ઈ.સ. પુ. 229-220) રાજ્ય કર્યું એ જૈનધર્મમાં પ્રભાવક તરીકે પ્રસિદ્ધ છે. ગુજરાતના જૈન તીર્થ ધામોમાં કેટલાક પ્રાચીન જિનાલયો સંપ્રતીએ બંધાવ્યા હોવાનું મનાય છે. એમાં શેત્રુંજયનો સમાવેશ થાય છે. ગુજરાતમાં કેટલાક મૌર્યકાળના બીન્બીટક-ચીન્હ્ટ કે સિક્કા મળ્યા છે. તેમાં ભાવનગર ના હાથલના તાબાના સિક્કા પ્રખ્યાત છે[34].

અનુંમૌર્યકાળ [લગભગ ઈ.સ. પુ. 185 થી 25 દરમ્યાન] ગુજરાતમાં ભારતીય યવન –રાજાઓનું શાસન પ્રવર્તતુ હતું. એવું પ્રચલિત સિક્કાઓ ઉપરથી માલુમ પડે છે. ઉજ્જૈનના રાજા વિક્રમાદિત્ય શેત્રુંજય તીર્થનો ઉદ્ધાર કર્યા હતો એવું અનુશ્રુતિ છે[35].

### 1.5.4 ક્ષત્રપ કાળ (લગભગ ઈ.સ 25 થી 400)

ઈસુની પેહલી સદીના છેલ્લા ચરણમાં ગુજરાત પર શકજાતિ ના ક્ષહરાતકુલના પશ્ચિમી ક્ષત્રપરાજાઓની સત્તા સ્થપાઇ એના વંશજોએ તથા અન્યકૂલોના ક્ષત્રપરાજાઓને લગભગ ઈ.સ. 400 સુધી રાજ્ય કર્યું, સૌરાષ્ટ્રમાં જુનાગઢ અને અમરેલી જીલ્લામાં ચાંદીના નાના સિક્કા મળીઆવ્યા છે. ભાવનગર જિલ્લામાં આવા અવશેષો આ જીલ્લામાં આવેલાં કેટલાંક પ્રાચીન સ્થળો એ મળ્યા છે[36]. આ પ્રકારના વાસણોની બનાવટમાં રોમન અસર હોવાનું મનાય છે[37]. અણીદાર તળિયાવાળી અને પકડવાના હાથાવાળી રોમનકોઠીઓના અવશેષો વલ્લભીપુરમાં મળ્યા છે[38]. જે રોમસાથેના વેપારના પુરાવા પૂરા પડે છે.

ઈરીપ્રિયન દરિયાના પેરિટલસનો લેખક બરકા (દ્વારકા )ના અખાત સુધીના સમુદ્રમાર્ગનું વર્ણનકરતા સૌરાષ્ટ્રકાંઠાપર પાપીકા (ભૂશિર) બૌઓનિસ (બેટ ) અને અસ્તકંપ (શર્વર) નો નિર્દેશ કરે છે[39].દ્વારકાનો અખાત હાલનો કચ્છનો અખાત અને ભરૂચનોઅખાત જે ખંભાત નો અખાત તરીકે ઓળખાયો છે. પાપિકાએ વર્તમાન ગોપનાથ છે. અને અસ્તકંથએ હાલનું હાથબ છે. બૌઓનિસ (બેટ) એ હાલનો પીરમબેટ છે. ટોલોમી બીજી સદીની ભૂગોળમાં પણ હસ્તવય (હાથબ) અને મલેઓની ભૂશિર (ગોપનાથ પોઈન્ટ મલાઈકાંઠા ) નોનિર્દેશ ખંભાતના અખાતમાં હાથબ અને ગોપનાથનું મહત્વ દર્શાવે છે. પ્રાચીન બ્રુહ્ત્કથા પર થી રચાયેલ કથાસરિત સાગરમાં વલભીના સથા ર્વાહાન્પુત્ર વાસુદત્તના દેશાવરસાથે ના વેપારનો તથા પાટલીપુત્રના વણિકધનપાલિત વેપાર માટે વલભી આવ્યા નો ઉલ્લેખ વલ્લભીપુરની મહત્તા સૂચવે છે. વિધોતયાર્જન માટે છેક ગંગા-યમુના દોઆબ થી વલભી આવેલા વિષ્ણુદત્તની કથા વલભીનું વિદ્યાધામ તરીકે મહત્વ દર્શાવે છે.

મહુવાના ભવાડ શેઠને મહુવા સહીત બાર ગામ ઇનામમાં મળ્યાં હતાં. ભવાડના પુત્ર જાવડના સમયમાં મ્લેચ્છોએ મહુવાબંદર લૂંટ્યું ત્યાંથી યક્ષદેવનામે જૈન સાધુને સાથે લઇગયા હતા પરંતુ મ્લેચ્છો પાસેથી એક શ્રાવીકે એમને છોડાવ્યા. શ્રેષ્ઠી જાવડશાએ મહુવામાં જૈન ચૈત્ય બંધાવ્યું હતું. જૈન અનુશ્રુતિશ્રોત્યત્ર (શ્વેતાંબર) કેકમ્બલિક (સંચલક) સંપ્રદાયની ઉત્પત્તિ વલભીમાં

વિક્રમ સવંત 136 માં કેવી રીતે નિર્વાણ સવંત 609 માં થઇ હોવાનું જણાવે છે. અહીના ખંડેરોની સ્થળ તપાસમાં પહેલી અને બીજી સદી સુધીના માનવવસવાટની નિશાની ઓં મળી છે[40].

પદ્લીપ્તાચાર્ય જે ઉતરભારતમાં એક પ્રભાવક જૈન આચાર્ય હતા તીર્થયાત્રા કરવા સૌરાષ્ટ્રમાં ઢંકાપુરી આવ્યા. એમના સ્મરણાર્થે નાગાર્જુને શેત્રુંજયની તળેટીમાં પાદલિપ્તપુરના નગર વસાવ્યું જે હાલનું પાલીતાણા છે[41]. ઈ.સ 300 ના અરસામાં મથુરામાં સ્કન્દિલાચાર્યની અને વલભીમાં નાગાર્જુન સૂરિના અધ્યક્ષપણા હેઠળ એકત્ર થયેલા શ્રાવણસંઘે આગમા પાઠને વ્યવસ્થિતકાર્ય તે અનુક્રમે; માથુરી વાચના' અને વાલભી વાચના તરીકે ઓળખાય છે[42].

તળાજાની પશ્ચિમે આવેલી 96 મીટર ઉંચી ટેકરીમાં 30 ગૂફાઓ કંડારેલી છે. એમાં લગભગ 20 જેટલા પ્રાણીના ટાંકા કરેલા છે. આ ગૂફાઓ પૈકી હાલ 'એભલમંડપ' તરીકે ઓળખાતી એક મોટી ગૂફા નોધપાત્ર છે. એ 22.5*20 મીટર લાંબી પોહળી અને ૫ મીટર ઉંચી છે. એના મુખભાગપર વિશાલ ત્રિદલ ચૈત્યગવાંક્ષા કંડારેલા છે. એની નીચે વૈદિકાનીભાત કાઢેલી છે. મુખભાગમાં અગાઉ આવેલા ચાર અષ્ટકોણસ્તંભ હાલ નષ્ઠ થઇ ચુક્યા છે. અંદરનો વિશાળ ખંડ એકદમ સાદો અને સ્તંભરહિત છે. એ ચૈત્યગ્રહનું સ્વરૂપ ધરાવે છે. એના પાછલાભાગમાં કંડારેલા સ્તુપની હાર્મિકા ગુફાની છત સાથે જોડાયેલી છે. ટેકરી ઉપર બહુ ઉંચાઇએ એક બીજી નાની ચૈત્યગ્રુહગૂફા આવેલી છે. એમાં સ્તૂપની આગવી કાઢેલું તોરણ વિતાન જોડે સયુંકત છે. હાલ એની મીઠીકા મોજુદ રહી છે.એનો ઉપલોભાગ નષ્ઠ થઇ ગયો છે. આ ગૂફાઓ ની સ્થાપત્ય-શિલ્પશૈલી પર થી ઈસવીસનના આરંભમાં કંડારી હોવાનું જણાય છે[43].

બૌદ્ધ આચાર્ય સ્થિરમતી અને ગુણમતીએ વલ્લભી નજીકના વિહારમાં પોતાના પ્રસિધ્ધ ગ્રંથ રચ્યા હતા. આ વિહાર તળાજાના ડુંગરમાં આવ્યો હોવાનું મનાય છે.આ આચર્યા ઈ.સ ની ચૌથી સદીમાં થયા હોવાનું મનાય છે. તેઓ ના મૂળ ગ્રંથ હાલ ભાગ્યેજ ઉપલબ્ધ છે. પણ એના ચીની અનુવાદ મળે છે[44].

ઈ.સ 400 ની આસપાસ પશ્ચિમી ક્ષત્રપ રાજાઓની સત્તા અસ્ત પામી અને સર્વે ભટ્ટારકના રાજાની સત્તા પ્રવર્તી એના સિક્કાઓ વલ્લભી માંથી મોટી સંખ્યામાં મળી આવ્યા છે[45].

**1.5.5 ગુપ્તકાળ :- [લગભગ ઈ.સ 415 થી 470]**

મગધના ગુપ્તસમ્રાટ ચંદ્રગુપ્ત વિક્રમાદિત્યે માળવા જીત્યું ને એના પુત્ર અને ઉત્તરાધિકારી કુમારગુપ્ત મહેન્દ્રાદીત્યે ગુજરાત પર સત્તા પ્રસારી. એના સિક્કા વલ્લભીપુરામાં મળ્યા છે. આમાંના કેટલાક સિક્કા મુંબઈના પ્રિન્સ ઓફ વેલ્સમ્યુઝીયમમાં છે[46] જૈન આગમ ગ્રંથોની 'માથુરી વાંચના અને વાલભી વાંચના ઓ' પાઠની તુલના કરીને એ પરથી આગમોની સમીક્ષિત આવૃત્તિ તૈયાર કરવાનું અમૂલ્ય કાર્ય દેવદ્રીગણી ક્ષમા શ્રવણે વલભી [ઈ.સ ૪૫૩-૫૪] માં પાર પાડ્યું[47].

**1.5.6 મૈત્રકકાળ ઈ.સ 470 થી 788**

ગુપ્ત સમ્રાટ સ્કન્દગુપ્તના અવસાન પછી કેન્દ્રીયસત્તા નબળી પડતા ગુપ્ત સામ્રાજ્યના સૂબાઓ શક્તિશાળી બનવા લાગ્યા હતા. તેમાં ગુપ્ત સામ્રાજ્યના સૌરાષ્ટ્રના પ્રાંતિક સેનાપતિ ભટ્ટાર્કે [ઈ.સ 470] પોતાની રાજધાની ગિરિનગરને બદલે વલભીપુરમાં રાખી ત્યાં પોતાના મૈત્રક વંશનું શાસન સ્થપાયું .પ્રારંભમાં તેઓ ગુપ્તો સાથે સંઘર્ષમાં આવવા માંગતા ન હતા તેથી તેઓ પોતાને રાજાના બદલે સેનાપતિ કહેવડાવતા હતા. આ વંશમાં કુલ 19 રાજાઓ થયા ભટ્ટાર્ક પછી તેનો જયેષ્ઠ પુત્ર ધરસેન પેહલો અને તેના પછી દ્રોણસિંહ ગાદીએ આવ્યો હતો. દ્રોણસિંહને ગુપ્તસમ્રાટ બુદ્ધગુપ્તે મહારાજાનો ઈલકાબ આપ્યો હતો[48].તેમને વલભીમાં [ઈ.સ ૫૦૨] માં પાંડુ રાજા નામે દેવીના મંદિરને હસ્તવપ્ર આવારણીમાં આવેલા ત્રીસંગ્મક ગામનું દાન દીધું[49]. પાંડુરાજા આર્યોનું તીર્થપક્ષ પુરાણમાં જણાવેલું છે[50]. અમિતાભ બુધ્ધની શક્તિનું નામ પણ પાન્ડુરાજા છે. આ હરણી એટલે નાનો આહાર (જિલ્લો) એનું વડુમથક હસ્તવપ્ર એ હાલનું હાથબ (તા. ભાવનગર) છે. જે સમુદ્રતટ પર આવેલું છે[51].

દ્રોણસિંહ લગભગ ઈ.સ 500 થી 520 સુધી રાજ્ય કર્યું, પછી એનો નાનોભાઈ ધ્રુવસેન પેહલો [ઈ.સ 520 થી 540] રાજા થયો. એનો બેભૂમિદાન

વલ્લભીના બૌદ્ધવિહરોને આપવામાં આવ્યા હતા. આ રાજાએ હસ્ત્વાર્ય (હાથબ) સિંહપુર (સિહોર ) વગેરે સ્થળોએ રહેતા બ્રાહ્મણોને પણ ભૂમિદાન દીધુ હતું[52]. દાનમાં આપેલા ઘણા ગામ હસ્તવપ્રહાઅરણીમાં આવેલા હતા. એમાનું કુક્કટએ હાલનું કૂકડ (તા. ઘોઘા અને ભલ્લારએ હાલનું ભાલર (તા. તળાજા) છે[53].

મહારાજા ધ્રુવસેન પછી એનો નાનોભાઈ છત્તર ગાદીએ આવ્યો એણે લગભગ ઈ.સ 550 થી 555 સુધી રાજ્ય કર્યું. ધારપટ્ટનો રાજવારસો એના પુત્ર ગૃહસેન ને પ્રાપ્ત થયો એ આ વંશનો પ્રતાપી રાજા હતો. એણે લગભગ ઈ.સ 555 થી 570 સુધી રાજ્ય કર્યું. ગૃહસેન પછી એનો પુત્ર ધરસેન બીજો ગાદીએ આવ્યો. એને પણ લગભગ ઈ.સ 570 થી 595 સુધી રાજ્ય કર્યું. એના દાન શાસનમાં ભદ્દપતન (ભાદ્રોડ તા. મહુવા) ભટ્ટીભટ (ભડભડિયા જી. ભાવનગર) ઉદ્દપદ્રક (ઉડવી જી. ભાવનગર) વગેરે ગામોના ઉલ્લેખ આવે છે[54]. ધરસેન બીજાનો પુત્ર શિલાદિત્ય પેહલો ધર્માદીત્ય પણ પરમ મહેશ્વ હતો. તેમણે લગભગ ઈ.સ 595 થી 612 સુધી રાજ્ય કર્યું. એનાં બે ભૂમિદાન વલભીમાં યક્ષસુરે બંધાવેલા ભિક્ષુણીવિહાર ને આપેલાં છે. એના સમયમાં કેટલાક બ્રાહ્મણો મધ્યપ્રદેશના દશપુર (મંદોસર) થી વલભીમાં આવી વસ્યા હતા[55].

શીલાદીત્યે પોતાના ઉત્તરાધિકારી તરીકે પોતાના નાનાભાઈ ખરગ્રહ પેહલાની વરણી કરી. ખરગ્રહએ લગભગ ઈ.સ 615 થી 620 સુધી રાજ્ય કર્યું. એના એક શાસનમાં જણાવેલું લૂશા ગામ હાલનું લુંસડી (તા.મહુવા) છે. ખરગ્રહ પેહલા પછી એનો મોટો પુત્ર ધરસેન ત્રીજો ગાદીએ આવ્યો. એણે લગભગ ઈ.સ 620 થી 625 સુધી રાજ્ય કર્યું. એના એક દાન શાસનમાં હસ્ત્વર્યઆવરમાંની ચુટીકા (તળાજા પાસેનું ચૂડી) અમાકારકપ (ઉખરલા) અને રોહીડકમાલ (રોહલ) નો ઉલ્લેખ આવે છે[56].

ધરસેન ત્રીજનો ઉત્તરાધિકારી બાલાદીત્યા, એણે લગભગ ઈ.સ 625 થી 643 સુધી રાજ્ય કર્યું[57]. ચીની મહાત્મા હ્યુ એન -સાંગે [ઈ.સ. 640 ના અરસામાં] વલભી ની મૂલાકાત લીધી હતી. પોતાના પ્રવાસ ગ્રંથ ' સિયુકી' માં વલભી વિશે નોધતા લખે છે કે રાજધાનીનો ઘેરાવો 30 લી (૫ માઈલ-૮ કિમી) છે. વસ્તી ઘણી ગીચ છે. તે વસાહતો સમૃધ્ધ, તેમાં સોએક ઘર એવા છે જે કરોડપતિ છે. દૂરના પ્રદેશોની વિરલ અને કિંમતી ચીજો અહીં વિપુલ જથ્થામાં

જમા થાય છે. વલભી પ્રદેશમાં સો એક સંઘારામાં (વિહારો) છે ને એમાંના ઘણા ખરા ભિક્ષુઓં હીનયાન પંથને અનુસરે છે[58]. ધ્રુવસેન બાલાદીત્યા પછી એનો પુત્ર ધરસેન ચોથો ગાદીએ આવ્યો. એ મૈત્રક વંશ નો સૌથી પ્રતાપી રાજા હતો. એણે એક ભૂમિદાન સિંહપુર (શિહોર) ના બ્રાહ્મણો ને દીધું હતું[59]. એણે પોતાના ઉત્તરાધિકારી તરીકે પોતાના પિતામહ ખરગ્રહના મોટાભાઈ શિલાદિત્યના કનિષ્ઠ પૌત્ર ધ્રુવસેન ત્રીજા ની વરણી કરી ધ્રુવસેન ત્રીજાએ લગભગ 650 થી 655 સુધી રાજ્ય કર્યું, એણે એક ભૂમિદાન વલ્લભીના બૌદ્ધ વિહાર ને આપેલું છે[60]. એના ઉત્તરાધિકારી એના મોટાભાઈ ખરગ્રહ બીજાને મળ્યો. શિલાદિત્ય બીજાની જેમ એ ધર્માદીત્યા તરીકે પણ ઓળખાયો. એણે ઈ.સ 655 થી 660 પાચેંક વર્ષ રાજ કર્યું[61]. એના આઠ ભૂમિદાન વલભી, સિંહપુર, ઈત્યાદી સ્થળોના બ્રાહ્મણોને અને ત્રણ ભૂમિદાન વલ્લભીના બૌધ્ધ વિહારોને આપેલા છે[62]. એક દાન દીવના બે બ્રાહ્મણો ને મધુમતી (મહુવા) પાસેની ભૂમિનું અને એક બીજું દાન લૂશા (લુંસડી) પાસેની ભૂમિનું હતું[63]. એના રાજ્યકાળ [ઈ.સ 677] આરબ સુબેદાર ઈસ્માઈલ ઘોઘા પર હૂમલો કર્યો[64].

વલભીના રાજા શિલાદિત્ય ચોથાએ લગભગ 685 થી 710 સુધી રાજ્ય કર્યું. એણે વલભી અને વંશકટ માં વસતા બ્રાહ્મણો ને ભૂમિદાન દીધા હતા[65]. શિલાદિત્ય પાંચમાંએ લગભગ ઈ.સ 710 થી 735 સુધી રાજ્ય કર્યું હતું. ઈ.સ 711માં આરબોએ સિંધ કબજે કર્યું, પછી બે ત્રણ વર્ષમાં સૌરાષ્ટ્ર સાથે સંઘર્ષમાં આવ્યા. પણ ઈ.સ 714 માં તોઓએ સુલેહ કરી દીધી[66]. શિલાદિત્ય છઠ્ઠાએ લગભગ 735 થી 760 સુધી રાજ્ય કર્યું. ઈ.સ 758 માં નિમાયેલા સિંધના સુબા હશામે અમરૂને વહાણનો કાફલો લઇ હૂમલો કરવા વલ્લભી ના કિનારે મોકલ્યા પણ એમાં એ ફાવ્યો નહિ[67]. ઈ.સ 650 થી 788 ના ગાળા માં કૂલ સાત રાજવીઓં થયા પરંતુ તેઓ ક્રમશઃ નિર્બળ થતા ગયા. અંતે ૧૯ માં શાસક શિલાદિત્ય સાતમાં [ઈ.સ 760 થી 788] ના શાસન દરમ્યાન મૈત્રક સત્તાનો અંત આવ્યો. ઈ.સ 766માં આરબોએ વલભી ઉપર સમુદ્રી માર્ગે હૂમલો કરી વિજય મેળવ્યો પરંતુ રોગચાળામાં ઘણા સૌનિકો મૃત્યુ પામતા પાછા ફરી ગયા ફરી [ઈ.સ 788] મ્લેચ્છાધિપતિ એવા સિંધ ના આરબ સૂબા સલીમ યુનીસીએ વલભી ઉપર આક્રમણ કર્યું યુધ્ધ મેદાનમાં શિલાદિત્ય સાતમાં અને તેના મુખ્યપ્રધાન મરાયા. વલભીના અંત અંગે જૈન પ્રબંધોમાં એક એવી અનુશ્રુતિ છે

કે શિલાદિત્ય સાતમાં એ પોતાની રાજકુંવારી માટે પોતાના નગરના શ્રેષ્ઠીકાઠું ને ત્યાંથી તેની પુત્રીની રત્નજડિત કાંસકી જબરદસ્તીથી ઝૂંટવી લીધી હતી તેથી તે અપમાન નો બદલો લેવા માટે કાઠુંએ મ્લેચ્છાધિપતિને એક કરોડ રૂપિયાનું સોનું આપી વલભી ઉપર આક્રમણ કરાવ્યું હતું. આરબ સેનાએ વલભીનો નાશ કર્યો. મંદિરો તથા વિહારોનો ધ્વંશ કર્યો. પરંતુ જૈનોએ અગાઉથી પોતાની પ્રતિમાઓ બીજા સ્થળે મોકલી બચાવી લીધી હતી. મૈત્રક સત્તાના અંત પછી નાના રાજ્યોનો ઉદય થયો[68].

### 1.5.7 અનુમૈત્રકકાલ અને પછી : (પ્રતિહારો અને રાષ્ટ્રકુટો)

વલભી ના મૈત્રક રાજ્યોને અંત આવતા દક્ષિણ ગુજરાતના રાષ્ટ્રકુટોએ પોતાની સત્તા છેક ઉત્તર ગુજરાત સુધી પ્રસારી પ્રભુતવર્ષે ગોવિંદરાજનું એક દાન શાસન દેવલી (તા. તળાજા) માંથી મળ્યું[69]. એ વલભી સવંત ૫૦૦ (ઈ.સ 828-19) માં વલભીના એક બ્રાહ્મણને શેત્રુંજય નદીના કિનારે આવેલી ભૂમિદાન દીધાનું નોંધે છે. આ પર થી મૈત્રક રાજ્ય ના અંત પછી આ પ્રદેશ પર ખોટક (ખેડા) માં રાજધાની ધરાવતા લાટમંડલના રાષ્ટ્રકુટ રાજાઓની સત્તા પ્રવર્તી હોવાનું માલૂમ પડે છે. લાટમંડલના રાષ્ટ્રકુટ વંશની સત્તા લગભગ ઈ.સ 973 સુધી ચાલી સોલંકીવંશની રાજસત્તા સ્થપાઈ, પછી બ્રાહ્મણોની સંખ્યા એક હજાર હતી. તેથી એ બ્રાહ્મણોને શિહોર દાનમાં આપ્યા ની અનુશ્રુતિ મળે છે[70]. મૂળરાજે રુદ્ર મહાલયની પ્રતિષ્ઠા માટે તેડાવેલા ઉત્તરના આ બ્રાહ્મણો "ઔદીચ્ય સહસ્ત્ર" તરીકે ઓળખાયાનું જણાવ્યું. મૂળરાજે ઉત્તરના બ્રાહ્મણોને એના રાજ્યમાં આવી વસવા પ્રોત્સાહન આપ્યું હોય એ સંભવિત છે[71]. પ્રતિહાર અને રાષ્ટ્રકુટવંશો સૌરાષ્ટ્રમાં નાના રાજ્યો પાસેથી પોતાનું આધિપત્ય તો સ્વીકારી શક્યા પરંતુ ત્યાં પોતાનું સામ્રાજ્ય સ્થાયી શક્યા નહિ. વળી સ્થાનિક નાના રાજ્યો વિસ્તારની પ્રવૃત્તિમાં પરસ્પર લડી ને નિર્બળ પડી ગયા. તેથી સૌરાષ્ટ્રની શક્તિ, સંપત્તિ અને પ્રભાવ ઘટી ગયા. પ્રદેશની સલામતી શાંતિ અને સમૃધ્ધિ પણ નાશ પામ્યા[72].

### 1.5.8 વાળા રાજ્ય:- [ઈ.સ 998 થી 1290]

બારોટોની અનુશ્રુતિ અનુસાર વલભી ના છેલ્લા રાજા શિલાદિત્યના પુત્ર ધારસેનના પુત્ર વૃષકેતુના પુત્ર ઉગાવાળાએ [ઈ.સ ૯૯૮-૯૯] વળામાં પોતાનું

રાજ્ય સ્થાપ્યું[73]. એમાં તો રાજા શિલાદિત્યના પુત્રો મેવાડ થી પાછા વળ્યા તેથી તેઓ અને તેઓના વંશજો વાળા કેહવાય એવું જણાવ્યું છે. પરંતુ વસ્તુતઃ વલભીનું પાકૃત રૂપ વાલહી હતું. તે પરથી એનું અપભ્રંશ રૂપાંતર 'વળાં' પરથી ત્યાના રજપૂતો 'વાળા' તરીકે ઓળખાયા. વાળાની આસપાસનો પ્રદેશ 'વાળાક' નામે ઓળખાયો.

મૌત્રક વંશ નો છેલ્લો રાજા શિલાદિત્ય સાતમો [ઈ.સ 788] મરાયો ને ઉગવાળાએ પોતાનું રાજ્ય [ઈ.સ 998-99] સ્થપાયું હોય, તો એ બે ઘટનાઓં વચ્ચે બે સૈકા જેટલો લાંબો ગાળો રહેલો છે. આથી ઉગવાળા શિલાદિત્યનો વંશજ હોય તો તેઓંની વચ્ચેના કેટલાક નામ લુપ્ત થયા ગણાય.

ઉગવાળો તળાજામાં રાજ્ય કરતો વતો. એ વંથળી ચુડાસમા રાજા કવાત પેહેલાનો મામો હતો રાજા કવાતે તળાજા પર ચડાઈ કરી ને યુધ્ધ માં ઉગવાળાનો વધ કર્યા[74].

ઉગવાળાના પુત્ર એભલ પેહલા એ ઈ.સ 1043-44 માં તલાવ નામે દૈત્ય ને મારી તળાજા લીધું[75]. બારોટોની આ અનુશ્રુતિમાં તથ્ય લાગતું નથી.

એભલ પેહલો પછી એના પુત્ર સુરોજી પછી એનો પુત્ર અણો [ઈ.સ 1205] રાજા થયો. એનો પુત્ર એભલ ત્રીજો તે પછી [ઈ.સ 1173-74] ગાદીએ આવ્યો[76]. એ સમયે તળાજામાં વાલમ બ્રાહ્મણો ,કાયસ્થ યજમાનો પાસે તોઓની કન્યાઓ ના લગ્ન પ્રસંગે ભારે દક્ષિણા માંગતા હતા. કેયસ્થોએ રાજા પાસે ફરિયાદ કરી. વાલમ બ્રાહ્મણો રાજા પાસે અતિલોભ દર્શાવતાં રાજા એભલે અન્ય જ્ઞાતિના બ્રાહ્મણો ને તેડાવી ડુંગરની મોટી ગુફામાં એ બધી કન્યાઓને સમૂહમાં પરણાવી દીધી. આ પરથી ગૂફા 'એભલ મંડપ' તરીકે ઓળખાય છે. કાયસ્થના ત્રાસથી કંટાળી વાલમ બ્રાહ્મણો ધંધુકા જઈ વસ્યા. ત્યાંના ધનવર્યના જમાઈ વીસાજી ગોહિલે એભલને હરાવી તળાજા લઇ લીધું ને એભલ ઢાંક ચાલ્યો ગયો. વચલોભાઈ સાનાવાળો ભાદ્રોડ (તા. મહુવા) અને નાનોભાઈ ચાંપરાજ ત્રાપજ (તા. તળાજા) જઈ વસ્યો[77].એભલ ત્રીજો ઈ.સ. 1173-74માં ઢાંક ચાલ્યા ગયા જયારે વીસાજી ગોહિલના ભાઈ સેજકજી [ઈ.સ.૧૨૫૦] મારવાડ થી સૌરાષ્ટ્ર આવેલા તળાજા ગુમાવનાર એભલ પ્રાયઃ એભલ ત્રીજાના પુત્ર ઉગાવાળા(અર્જુનસિંહ) નો પુત્ર એભલ ચોથો હોવો જોઈએ. કેટલાકના માટે

વાળાઓ પાસેથી તળાજા સેજકજી ના પુત્ર સણાજી ગોહિલે જીતી લીધું હતું. [તે ઈ.સ 1290માં ગાદીએ આવ્યો હતો][78].

#### 1.5.9 મેહર રાજ્ય (લગભગ ઈ.સ 1150-1220)

ટીમ્બાણૂંક અર્થાત ટીમાણા (તા. તળાજા) માં રહીને મેહર રાજા જગમ્મલે ઈ.સ 1207 માં તાલાઝા(તળાજા) મહાસ્થાનમાં બે શિવાલય કરાવ્યા એના નિભાવ માટે ભૂમિદાન કર્યું હતું. એ ગુજરાતના રાજા ભીમદેવ બીજાનો સામંત હતો. એના પિતામહ આમ પણ 'મેહરરાજ ' હતા. અહીં [ઈ.સ 1216] ટીમ્બાણૂંક મેહરરાજ રણસિંહની સત્તા હતી[79].

## 1.6 નાણું અને વેપાર

સ્વતંત્ર રાજ્ય હોવાને લીધે વેપાર ની દર્ષ્ટિએ પણ ભાવનગર ખુબ આગળ પડતું હતું. ગોહિલવંશ ના રાજવીઓની વેપારિક સુઝબુઝ થી રાજ્યો નો વિકાસ થયો હતો. ભાવનગરરાજ્યના ઠાકોર વજેસિંગ અને બ્રીટીશસત્તા વચ્ચે થયેલા કરાર (8 સપ્ટેમ્બર 1840) મુજબ ભાવનગરનું ચલણીનાણું ઇમ્પિરીયલ રૂપિયો હતું. એ પહેલા ભાવનગરનાં ચલણછાપખાનામાં ભાવનગરરાજ્ય પોતાના તાંબા અને ચાંદીના સિક્કા છાપતું હતું.

## 1.7 ભાવનગર રાજયના જાણીતા કારભારીઓ

કોઈ પણ રાજ્ય ને ચલાવવા માટે રાજા સક્ષમ હોવા ખુબ જરૂરી છે. તેની સુઝ બુઝ અને વિકાસનીતિ જે તે રાજ્ય ને વિકસવા માટે મહત્વનું યોગદાન આપે છે. પણ આ નીતિઓ ને અમલમાં મૂકવાનું અને તેનું મૂલ્યાંકન કરવું ખૂબ જ જરૂરી છે. રજવાડા ના સમયે પણ આ પ્રથા અમલ માં હતી કે રાજા તેના નીચે દરેક કાર્ય માટે તેને અનુકૂળ લોકોની નિમણૂક કરતા જે એ કાર્ય નો કાર્યભાર સંભાળતા. આ દરેક કાર્ય માં કારોભાર સંભાળતા કરોભારી નું સ્થાન ખૂબ મહત્વ નું ગણાતું. જેમાં રાજા એવા માણસો ની નિમણૂક કરતા જે વહીવટી અને વ્યવહાર ની દ્રષ્ટિએ ખૂબ બુદ્ધિશાળી હોય. આવા કરોભારી જ રાજ્ય ના મહત્વ ના કામોની જવાબદારી લઈને રાજા ને મદદ કરતા. ભાવનગર રાજ્ય માં આવા કેટલાય  કરોભારી થઇ ગયા જેને રાજ્ય ના વિકાસ માં મહત્વનું યોગદાન આપ્યું હોય. જેમના વગર આ ઈતિહાસ માં લખાયેલ ભાવનગર રાજ્યની કીર્તિ અધૂરી છે. જેમાં મુખ્યત્વે નીચે પ્રમાણે કરોભારી ના નામ લખી શકાય.

- પરમાનંદદાસ મહેતા
- ગૌરીશંકર ઉદયશંકર ઓઝા (1846-1877)
- શામળદાસ પરમાનંદદાસ મહેતા (1877-1884)
- વિઠ્ઠલદાસ શામળદાસ મહેતા (1884-1900)
- પ્રભાશંકર દલપતરામ પટ્ટણી (1900-1937)
- અનંતરાય પ્રભાશંકર પટ્ટણી (1937– જાન્યુવારી1948)

ભાવનગર રાજયની વસ્તીની માહિતી

1872ની ભાવનગર રાજ્યની વસ્તી આ પ્રમાણેહતી. [૨]

| જ્ઞાતિ | પેટાજ્ઞાતિ | વસતિ |
|---|---|---|
| વૈશ્નવ | રામાનુજ | 7824 |
| વૈશ્નવ | વલ્લભાચાર્ય | 117372 |
| વૈશ્નવ | કબીરપંથી | 19562 |
| વૈશ્નવ | માધવાચાર્ય | -- |
| વૈશ્નવ | સ્વામીનારાયણ | 50861 |
| શૈવપંથી | શંકરસમર્થકો | 97810 |
| શૈવપંથી | લિંગાયત | -- |
| જૈન | -- | 46948 |
| પારસી | શહેનશાહી | 44 |
| પારસી | કદમી | 18 |
| મુસલમાન | શીયા | 8377 |
| મુસલમાન | સુન્ની | 28401 |
| અન્ય | -- | 50860 |
| કુલ | | 3,91,237 |

**કોઠા ક્રમાંક 2 : ભાવનગર રાજયની વસ્તીની માહિતી**

## 1.8 ભાવનગર રજવાડાના સ્વાતંત્ર્ય સેનાનીઓ

ભાવનગર રાજ્ય ના સ્વાતંત્ર્ય સેનાનીઓ નો ફાળો ભારત ની આઝાદી માં ખૂબ અગત્યનો રહેલો છે. આ નામો ભારતની સ્વાતંત્ર્ય લડતના ઈતિહાસમાં અમર રેહશે.

- બળવંતરાય મહેતા
- જાદવજીભાઈ મોદી
- જગુભાઈ પરીખ
- નાનાભાઈ ભટ્ટ

- ગુણવંતભાઈ પુરોહિત
- અખીલેશ્વરીબેન મહેતા
- ગજાનન પુરોહિત
- રાજાભાઈ લખાણી

- પૃથ્વીરાજસિંહ આઝાદ
- તારાબહેન મોદક
- ગિજુભાઈ બધેકા
- મૂળશંકર ભટ્ટ

- **બળવંતરાય મહેતા**: 1900 માં જન્મેલા ભાવનગર ના સપૂત બળવંતરાય મેહતાએ ભારત ની આઝાદી માં જવાહરલાલ નેહરુ અને ગાંધીજી ના કર્યો માં સારું એવું યોગદાન આપ્યું હતું. ક્વીટ ઇન્ડિયા મૂવમેન્ટ તથા બારડોલી સત્યાગ્રહ માં એમને ભાગ લીધો હતો. જેમાંથી ક્વીટ ઇન્ડિયા વખતે 1942માં 3 વર્ષની કેદની સજા પણ ભોગવી હતી. તેઓ લોક સેવક મંડળ ના મુખ્ય પ્રમુખ ઘણી બધી વખત રહી ચૂકયા હતા. આ લોક સેવક મંડળ ની સ્થાપના લાલ લજપતરાય દ્વારા કરવામાં આવી હતી. તેઓ ગુજરાત ના બીજા મુખ્યમંત્રી પણ રહી ચૂક્યા છે. ૬૫ વર્ષ ની ઉમંરે એમનું દેહાંત થયું હતું. ભારતીય ડાક વિભાગે ૨૦૦૦ ની સાલમાં એમની 100મી જન્મજયંતિ ના ઉપક્રમે (રૂ 3 .00 ની ટપાલ ટીકીટ પણ બહાર પાડી હતી.
- **ગજાનનપુરોહિત** : શ્રી ગજાનન પુરોહિત એક ખૂબ જાણીતા સ્વાતંત્ર્ય સેનાની રહી ચૂક્યા છે જેમને " આરઝી હુકુમત ક્રાંતિ" માં ખુબ સક્રિય ભાગ ભજવ્યો હતો.
- **ગિજુભાઈ બધેકા**: ગુજરાત ના એક ઉમદા લેખક અને સ્વાતંત્ર્ય સેનાની ગીજુભાઈ બધેકા ને આજે પણ ખૂબ સન્માન પૂર્વક યાદ કરાય છે. તેમણે ગાંધીજી ના માર્ગ ને અનુસરીને આઝાદી ની લડતમાં યોગદાન આપ્યું હતું. આ ઉપરાંત "દીવાસ્વપ્ન" જેવા પુસ્તકો ની ભેટ આપી છે.

**ઉપસંહાર :**

ભાવનગર રાજ્ય નો ઈતિહાસ ખુબ ઉમદા રહેલો છે. તેના દરેક રાજવીઓ એ પોતાના અંગત સ્વાર્થ માટે તેની પ્રજા નો કે વહીવટ નો ઉપયોગ કર્યો નથી; એટલે પ્રજાવત્સલ તરીકે જ એમનો પરિચય કરવામાં આવ્યો છે. ભાવસિંહજી થી કૃષ્ણકુમારસિંહજી સુધીના દરેક રાજવીએ પોતાની આગવી છાપ છોડી છે. પ્રજા માટે જ જીવેલા આ રાજવીઓ એ હંમેશા પ્રજા ના પ્રશ્નો નું સમાધાન કરવા માટે તત્પરતા દર્શાવી છે. પછી તે રાજધાની સ્થળાંતર હોય કે અખંડ ભારતની સ્થાપના માટે રજવાડા ના વિલિનીકરણ માં સહયોગ હોય. આ દરેક બાબત ભાવનગર ના વિકાસ ને તેની સંસ્કૃતિ અને સભ્યતા માટે યાદગાર બનાવે છે.

ઐતિહાસિક દ્રષ્ટિએ ઘણા રાજવીઓએ ભાવનગર રાજ્ય પર શાસન કર્યું છે પણ ગોહિલકૂળના રાજવીઓ એ  તેનો ખૂબ વિકાસ કર્યો છે. આ સિવાય પાલીતાણા માં આવેલ શેત્રુંજય પર્વત પર ના જૈન મંદિરો ખુબ પ્રચલિત છે. અને જૈનો ના ભગવાન આદિનાથ ના અદભૂત સ્થાપત્યોએ તેને આગવી ઓળખ આપી છે. સ્વતંત્રતા ની લડતમાં પણ ભાવનગર રાજ્ય નું બહોળું પ્રદાન છે.

*******

## પાદનોંધ


1. ડો. કોરાટ પી. જી. અને અન્ય, **ભાવનગર રાજ્યનો ઈતિહાસ,** પાશ્ર્વ પ્રકાશન, અમદાવાદ. 1995. (પ્રસ્તાવના માંથી)

2. એજન, (આવકારમાંથી)

3. એજન પૃ.1

4. પ્રા. ઝાલા પ્રફુલ્લ બી. અને અન્ય, **ભાવનગર ક્ષેત્રની અસ્મિતા,** ભાવનગર યુનિર્વસિટી, ભાવનગર. ૧૯૮૮. પૃ.10

5. એજન, પૃ.12

6. જાની એસ.વી., **ઐતિહાસિક પરિપેક્ષ્યમાં સૌરાષ્ટ્ર : પ્રમુખકીય ભાષણ**, સૌરાષ્ટ્ર કચ્છ ઈતિહાસ પરિષદ, ઉના અધિવેશન. 1991. પૃ.૫

7. પરીખ અને શાસ્ત્રી (સંપા), **ગુજરાત નો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ** ભાગ-1 ભો. જે વિદ્યાભવન અમદાવાદ. 1972. પૃ.258

8. શાસ્ત્રી દુ.કે, **ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઈતિહાસ** ભાગ-1,2. ગુજરાત વિધાનસભા, અમદાવાદ. ૧૯૫૩. પૃ.૪૩

9. રાજશેખર **સૂચી પ્રબંધકોષ,** શાંતીકેતન-1935. પૃ.૨૫૮

10. ગુ. ર. સા. ઈ. ભાગ-1 **પુર્વાકાંત ગ્રંથ.** પૃ.3-૪

11. રાજગોર શિવપ્રસાદ, **ગુજરાતના વહાણવટાનો ઈતિહાસ,** અમદાવાદ. 1976 પૃ.24

12. ભગવાનલાલ સંપતરામ, **સૌરાષ્ટ્રદેશનો ઈતિહાસ,** મુંબઈ. 1968. પૃ.1

13. જોષી ઉમાશંકર, **પુરાણોમાં ગુજરાત,** અમદાવાદ. ૧૯૬૪. પૃ.૨૦૭

14. શાસ્ત્રી કે. કા. **અતિતના આરે,** વડોદરા : 1973, પૃ.૭

15. મુનશી ક. મા. : પરિશિષ્ઠ-1, **ભારત યુધ્ધ સુધીના યાદવો-ગુજરાતની કીર્તિગાથા,** ગુર્જર પ્રકાશન, અમદાવાદ. ૧૯૫૨. પૃ.46

16. પરીખ ર. છો., **ગુજરાતની રાજધાનીઓ**, ગુર્જર પ્રકાશન, અમદાવાદ. 1958.

17. આચાર્ય ગિરજાશંકર વ., **ગુજરાતના ઐતિહાસિક લેખો** ભાગ-1, પૃ.1 -14

18. જાની એસ.વી., **સૌરાષ્ટ્રનો ઈતિહાસ,** અમદાવાદ. 2003. પૃ.3

19. જમીનદાર રશેશ, **ક્ષત્રપકાલનું ગુજરાત,** ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. 1975. પૃ.121-122

20. ગુ. રા. સા. ઈ ભાગ 2 . પૂર્વાકત ગ્રંથ, પૃ.135

21. એજન, પૃ.132

22. પરીખ ર. છો. પૂર્વાકત ગ્રંથ, પૃ.૬3

23. DESHPANDE, M.N [Ed] **Indian Archaeology 1970-71 A Review** (New Delhi 1974) p.13

24. એજન, p.p.9-10

25. ગુજરાત સરકાર પુરાતત્વ ખાતાનો વાર્ષિક એહવાલ (સં) 1974 -૭૫, પૃ.૬3

26. MITRA DEBALA (Ed) **Indian Archaeology 1980-81 A Review** (New Delhi- 1983) p.12

27. GHOSH A. (Ed) **Indian Archaeology 1955-56 A Review** (New Delhi – 1956) P.70

28. Ibid, p. 66

29. Ibid, 1958-59 (New Delhi 1959) p.68

30. અડતાળા (તા. ગઢડા) પાસે બે, દરેલ (તા.વલ્લભીપુર) પાસે એક લાખણકા (તા. ગઢડા) પાસે બે અને રામપુરા (તા. ગઢડા) પાસે એક

31. બરવાળા પાસે એક, દરેલ પાસે એક, જુનાવદર (તા. ગઢડા) પાસે એક, રાજપીપળા (તા. ગઢડા) પાસે બે સમઢિયાળા (તા. ગઢડા) પાસે એક અને ધાંગધ્રા (તા. ઉમરાળા) પાસે બે

32. GHOSH A. (Ed) **Indian Archaeology 1960-61 A Review** (New Delhi–1961) P.P.7,8

33. ભાવનગર જિલ્લા સર્વસંગ્રહ, પૃ.94

34. MAJUMDAR M.R. (Ed) **Chronology of Gujarat** (Baroda -1960)

35. ભાવનગર જિલ્લા સર્વસંગ્રહ, પૃ.94

36. GHOSH A. (Ed) **Indian Archaeology 1960-61 A Review** (P.P.7,8 , 1962-63. P.9)

37. ગુ. રા. સા. ઈ ભાગ-2. પૂર્વોકત ગ્રંથ પૃ.322 ,323

38. MEHTA R.N. **"Valabhi of Maitrakas"** Journal of the Oriental Institute Vol. XIII : Baroda–1964 p.247

39. પંડ્યા દુષ્યંત (ગુજરાતી અનુવાદ) **"પેરીપ્લસ"** અલીયા બાડા. ૧૯૬૦. પૃ.૧૮-19

40. ભાવનગર જીલ્લા સર્વસંગ્રહ, પૃ.95

41. JHAVERI M.B Nirvana Kalika (Bombay 1926) Introduction, p.16

42. મુની કલ્યાણ વિજયજી, **વીર નિર્વાણ સંવત ઔર જૈન કાલ ગણના,** જાંબોર (વિ.સં. ૧૯૮૭). પૃ.101,111

43. ગુ. રા. સાં. ઈ ભાગ-2 . ઉપરોક્ત ગ્રંથ અમદાવાદ. 1972. પૃ.355,356

44. એજન, પૃ.240

45. એજન, પૃ.8

46. ALTEKAL A. S. , **The Coinage of the Gupta Empire** (Banaras – 1957) pp. 218

47. દેસાઈ મો. દ. **જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ**, મુંબઈ. ૧૯૩૩. પૃ.38

48. જાની એસ. વી સૌ.ઈ, પૃ.28

49. શાસ્ત્રી હરીપ્રસાદ ગંગાશંકર, **મૈત્રક કાલીન ગુજરાત,** અમદાવાદ. 1955. પૃ.54, ૬૨

50. એજન, પૃ.374.

51. Epigraphia Indica VoL XVI p. 17

52. શાસ્ત્રી હરીપ્રસાદ ગંગાશંકર: **મૈત્રક કાલીન ગુજરાત**, ભાગ-2, પૃ.1

53. એજન, પૃ.11,12,3 3 ,34

54. ગુજ. રા. સર્વસંગ્રહ ભાગ. જી પૃ.97

55. મૈ.ગુ. ભાગ-૨. ઉપરોક્ત ગ્રંથ પૃ.53,54

56. ગુજ. રા. સર્વસંગ્રહ ભાગ. જી પૃ.97

57. મૈ.ગુ. ભાગ-૨. ઉપરોક્ત ગ્રંથ પૃ.103, 106, 111

58. ગુજ. રા. સર્વસંગ્રહ ભાગ. પૃ.97

59. ગુ. ભાગ-૨. ઉપરોક્ત ગ્રંથ પૃ.19,40

60. આચાર્ય ગિ.વ.(સં) **ગુજરાત ના ઐતિહાસિક લેખો** ભાગ-1, મુંબઈ. 1933. લેખ 75

61. મૈ.ગુ. ભાગ-૨. ઉપરોક્ત ગ્રંથ પૃ.123,124

62. આચાર્ય ગિ.વ. (સં) ઉપરોક્ત ગ્રંથ, પૃ.79

63. શા. હ . ગં. ઉપરોક્ત ગ્રંથ પૃ.25, 43, 44

64. એજન, પૃ.135

65. એજન, પૃ.4

66. ગુ. રા. જિ. સર્વ સંગ્રહ-પૃ 97

67. પરીખ ર. છો. અને શાસ્ત્રી હ. ગં (સંપા) **મૈત્રક કાલીન ગુજરાત** ભાગ-૨ પરિશિષ્ઠ પૃ.65

68. જાની એસ.વી. ઉપરોક્ત ગ્રંથ પૃ.29

69. ગુ. રા. જિ. સર્વ સંગ્રહ પૃ.99

70. શાસ્ત્રી દુ. કે., **ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઈતિહાસ,** અમદાવાદ-1995 પૃ.176

71. જિ. સ. સં. પૃ.99

72. એસ વી જાની ઉપરોકત ગ્રંથ. પૃ. 35

73. દેસાઈ શં. હ., **સૌરાષ્ટ્ર નો ઈતિહાસ,** જુનાગઢ. 1968. પૃ.178,180

74. પરીખ ર. છો. અને શાસ્ત્રી હ. ગં (સં.) **ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ** ગ્રંથ-૪, અમદાવાદ. 1976. પૃ.180

************